# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ
## અમદાવાદ

परस्परोपग्रहो जीवानाम्

Published On 18th of Every Month

સંચાલિત માસિક

સળંગ અંક : ૨૦૧

કિંમત રૂા. ૪૦-૦૦

# સમાજ આરસી


સપ્ટેમ્બર - ૨૦૨૧

વર્ષ - ૧૭





# એકાગ્રતા




સુપ્રસિદ્ધ સિતારવાદક મિંયા અમૃત સેન એક વખત એક કામ સબબ ગ્વાલિયર ગયા હતા. ગ્વાલિયરના મહારાજા પણ સિતારવાદનમાં સારો એવો રસ ધરાવતા હતા. એમણે અમૃત સેનનું ભવ્ય સ્વાગત કર્યું અને મોટો દરબાર ભરાયો હતો ત્યાં એમને સિતાર વગાડવાની વિનંતી કરી.

એ વખતે અમૃત સેનની આંગળીએ ફોલ્લો થયો હતો. અતિશય પીડા અને દુઃખ થતાં હતા, પણ મહારાજાની વિનંતીને તેઓ અવગણી શક્યા નહીં. અંગત બેઠા હોત તો કહી દેત પણ ભર્યા દરબારમાં ના પાડે તો મહારાજનું અપમાન થાય. આથી તેમણે સિતાર વગાડવાની હા પાડી.

આંગળીને કોઈ અડી જાય તો પણ ચીસ નીકળી જતી એવી પીડા વચ્ચે એમણે સિતાર વગાડવાનું શરૂ કર્યું. શરૂઆતમાં જીવ નીકળી જાય એવી વેદના થઈ પણ એમણે ચહેરા પર પરખાવા ના દીધી. એ પીડાને પણ અવગણીને સિતાર પર આંગળીઓ ફેરવવા લાગ્યા. થોડી જ વારમાં આસપાસ એક અદ્‌ભુત વાતાવરણ બંધાઈ ગયું. ચારે તરફ વાહવાહીના પોકારો ઊઠ્યા. ધીમે ધીમે અમૃત સેન સિતારવાદનમાં એવા એકાગ્ર થઈ ગયા કે એ ખુદ એમની આંગળી પરની પીડા ભૂલી ગયા.

સિતાર વગાડતા વગાડતા એ ફોલ્લો ફુટી ગયો એ પણ એમને ખબર ના રહી. તેઓએ સિતાર સાથે અલભ્ય એકાગ્રતા સાધી લીધી હતી એટલે જ એમને દર્દ ના થયું. એકાગ્રતા એ દર્દને ભુલાવી જ નથી દેતી પણ એને શમાવી શકે છે.

**સ્પીડ બ્રેકર...** જીવનમાં યાદ રાખો કે ગમે તેવા દુઃખદર્દ આસપાસ હોય તમે બીજા કોઈ કામમાં એકાગ્ર થઈ જાવ એટલે ક્રમશઃ એ દુઃખ વિસરાઈ જશે.


Navkar Institute
&
Navkar Digital Institute
Classroom Coaching
& Online Video Lectures
CA Foundation
CA Intermediate
CA Final Old and New
All levels of CS Course
US CPA, CMA, UK ACCA
www.navkarinstitute.com
www.navkardigitalinstitute.com
Navkar Public School
&
Navkar Digital School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
Grade 1 to 12 - GSEB & CBSE
Science & Commerce
English & Gujarati Med.
GET IT ON Google Play
NDI
NDS
Download Mobile App
079 69000000 (NI)
079 26304006 (NPS)

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD

PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com
WEB :- www.sanginihospital.com

HOPE LIVES HERE

# SANGINI HOSPITAL

## DR. TAPAN SHAH

(M) 9825739241

OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 10:00 AM
3:00 PM TO 8:00 PM
Sat. : 1:00 PM TO 2:00 PM

## DR. ATISH SHAH

MD (PEDIATRICS), GOLD MEDALIST

(M) 9824500452

OPD TIME:
Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

## Dhyana NEONATAL CARE

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST

ASSOCIATE DOCTORS
DR. CHINTAN RATHOD (M) 9408179541

## DR. HARSH MANIAR

(M) 9825724348

OPD TIME:
Mon.-Fri. : 9:00 AM TO 1:00 PM
5:30 PM TO 6:30 PM
Sat. : 9:00 AM TO 12:00 PM

ASSOCIATE DOCTORS
DR. MAHESH KHAPANDI (M) 9924755228

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

## અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-3

અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**કોરોનાની તમામ સારવાર Tele Consultation, Home Care અને Hospitalization ઉપલબ્ધ.**
**કોરોનાની સારવાર સાણંદ જનતા હોસ્પિટલ તથા અમદાવાદ ખાતે ઉપલબ્ધ છે. સંપર્ક નં. ૯૦૧૬૯૦૨૦૦૬**

SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP



## ડો. હિતેષી એ. શાહ (BDS)

ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- કહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

| | |
|---|---|
| પેશન્ટ હાઉસ ડેન્ટલ ક્લિનીક | નરોત્તમ ઝવેરી હોલની સામે, પાલડી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૪૩૦૦૪૫૨ સમય : સવારે ૧૧-૩૦ થી ૨-૦૦ કલાકે |
| નવકાર ડેન્ટલ ક્લિનીક | ૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૮૫૦૦૩૪૫ મો. ૯૮૨૪૩૦૦૫૪૨ સમય : સાંજે ૫-૩૦ થી ૮-૦૦ કલાકે |

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સમાજના આગામી કાર્યક્રમો | ૦૬ |
| ૨. | તંત્રીની કલમે | ૦૭ |
| ૩. | પ્રમુખસ્થાનેથી | ૦૮ |
| ૪. | સમાજ સમાચાર | ૧૦ |
| ૫. | Knowledge Series- Programme 11-12-13નો અહેવાલ | ૧૩ |
| ૬. | જૈનિઝમ કોર્ષના સર્ટિફીકેટ વિતરણ સમારોહનો અહેવાલ | ૨૭ |
| ૭. | જન્મદિવસની શુભેચ્છાઓ | ૨૮ |
| ૮. | સુંદરવન | ૩૧ |
| ૯. | લગ્નદિવસની શુભેચ્છાઓ | ૩૩ |
| ૧૦. | ધર્મ, જ્ઞાનીની નિશ્રામાં શા માટે ? | ૩૪ |
| ૧૧. | ભવસ્વરૂપની ભાવના | ૩૫ |



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી હિતેશભાઈ બી. સંઘવી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**પ્રકાશન સ્થળ**

“શાન્તમ્”, પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.


**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦


"IF WE KEEP OUR CUSTOMERS HAPPY THEY WILL KEPP US IN BUSINESS !"

**VIPUL GEMS**

Hardik R. Gopani
M. : +91 98250 09171

Vipul H. Gopani
M. : +91 98256 03309

**DEALING IN DIAMOND & DIAMOND JEWELLERY**

B-28,37, Arvind Industrial Estate, Opp. Vadilal Park,
B/h. Indica Laboratory, L.B.S. Road, Nr. Bapunagar Tollnaka,
Bapunagar, Ahmedabad - 380 025. Tele/Fax : 079 - 222 000 53

**જીતેન્દ્ર આર. શાહ તથા**
**વર્ષા જીતેન્દ્ર શાહ**

**લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ**


૩૮ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર

રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે,
ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨
ફોન : (ઘર) ૨૭૯૧૩૧૯૭ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨

“મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી,
પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.




લાભદાયી વસ્તુને ફેંકી દેવી અને
હાનિકારક વસ્તુને પકડવી એ મૂર્ખતા છે.




## સંઘશેષ વિતરણ વર્ષ : ૨૦૨૧

સમાજ દ્વારા દર વર્ષે સમાજના સભ્યોને સંઘશેષ વિતરણ કરવામાં આવે છે. કાયમી શેષ યોજના અન્વયે આ વર્ષે શ્રીમતી વિમળાબેન જીવણલાલ ચુનીલાલ સંઘવી (ડેરીવાળા) પરિવાર તરફથી સમાજના દરેક સભ્યને ચુરમાના ૪ લાડુ તથા ૨૫૦ ગ્રામ ફુલવડી સુંદર બોક્ષ પેકીંગમાં તા.૩૦-૮-૨૦૨૧ને સોમવારના રોજ બે સ્થળ પર વિતરણ કરવામાં આવ્યું જેમાં પાલડી, વાસણા, જીવરાજપાર્ક, વેજલપુરના સભ્યો માટે શ્રી ગોપાલ સંપ્રદાય સ્થા.જૈન સંઘ (લીંબડી) સંચાલિત માતુશ્રી મણીબેન મહાદેવભાઈ કોઠારી વૈયાવચ્ચ કેન્દ્ર (વાસણા) ખાતે બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ તથા અન્ય વિસ્તારના સભ્યો માટે સમાજની ઓફિસે બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન વિતરણ કરવામાં આવ્યું હતું જેનો સભ્યોએ સુંદર પ્રતિસાદ આપ્યો હતો અને આશરે ૧૩૦૦ જેટલા સભ્યોએ તેનો લાભ લીધો હતો.

સંઘ શેષ વિતરણ માટે મુખ્ય દાતાશ્રી, સહાયક દાતાશ્રીઓ, પ્લાસ્ટીક બોક્ષના દાતાશ્રી સૌનો સમાજ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

શેષ બનાવવા માટે સમાજના ઉપપ્રમુખશ્રી હિતેશભાઈ સંઘવી, મંત્રીશ્રી અજયભાઈ દોશી, સહમંત્રી શ્રી દિપકભાઈ સંઘવી, શ્રી બીપીનભાઈ શાહ, શ્રી હસમુખભાઈ વસાણી, શ્રી સુભાષભાઈ શાહ તથા યુવા બ્રિગેડના સભ્યશ્રી શ્રેણિકભાઈ દોશી, શ્રી ઋષભભાઈ સંઘવી તેમજ ઓફિસ સ્ટાફ શ્રી કલ્પેશભાઈ વિ. સૌ હાજર રહી ખૂબ મહત્વની કામગીરી કરેલ તે પ્રસંશનીય છે.

સંઘ શેષ વિતરણ સમયે પાલડી, વાસણા સ્થળ પર ઉપપ્રમુખશ્રી હિતેશભાઈ સંઘવી, શ્રી કેલનભાઈ વોરા, શ્રી દર્શનભાઈ સંઘવી તથા યુવાબ્રિગેડના સભ્ય શ્રી ઋષભભાઈ સંઘવી, શ્રી અંકિતભાઈ સંઘવી, શ્રી મૌલેષ સંઘવી તેમજ ગોપાલ સંપ્રદાય સ્થા.જૈન સંઘના સ્ટાફ વિ. જ્યારે સમાજની ઓફિસે સહમંત્રીશ્રી દિપકભાઈ સંઘવી, શ્રી હસમુખભાઈ વસાણી, શ્રી બીપીનભાઈ શાહ, શ્રી સુભાષભાઈ શાહ તથા યુવા બ્રિગેડના સભ્ય શ્રી શ્રેણીકભાઈ દોશી તથા સંકેતભાઈ વસાણી તેમજ ઓફિસ સ્ટાફ રોશનીબેન, કલ્પેશભાઈ, ઉર્મિલ તથા મંગળકાકા દ્વારા તથા સુંદર વ્યવસ્થા સાથે શેષ વિતરણ સંપન્ન કરવામાં આવેલ.

# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

આપ સર્વેની પર્યુષણ મહાપર્વની આરાધના સુખરૂપ પૂર્ણ થઈ હશે. પરિસ્થિતિએ થોડી રાહત આપતા સાધુ-સાધ્વીજીઓના દર્શનનો લાભ, એમની વાણીનો લાભ અને ધર્મસ્થાનકોએ આરાધના કરવાનો લાભ મળ્યો હશે. સૌ તપસ્વીઓ સુખશાતામાં બિરાજતા હશો. પર્યુષણ પૂર્વે આપણા સમાજ દ્વારા ચાલતા ઓનલાઈન જૈન ફિલોસોફીના સર્ટિફીકેટ કોર્ષનો સર્ટિફીકેટ વિતરણ સમારંભ યોજાઈ ગયો. પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈના અતિથિપદે, કોર્ષના પ્રણેતા તથા માર્ગદર્શક ડો. બિપિનભાઈની હાજરીમાં સરકારી તમામ ગાઈડલાઈન્સને અનુસરીને અભ્યાસુઓએ સર્ટિફીકેટ મેળવ્યું. આ સમયે અભ્યાસુઓના ચહેરા પર જે ખુશી તથા જ્ઞાન પામ્યાનો સંતોષ ઝલકતો હતો તે જોઈને આ શ્રુતજ્ઞાન દાનનું ખરેખર મહત્વ સમજાય. 'માહી પડ્યા ને મહાસુખ માણે' એ પંક્તિ અનુસાર જેમણે આ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એની કિંમત, એનો મહિમા એ લોકો જ બતાવી શકે.

પર્યુષણ પહેલા મહુડી દર્શન કરવા જવાનો યોગ થયો. અનેક શ્રદ્ધાળુ (જૈન હોય કે જૈનેતર)ના આસ્થાનું કેન્દ્ર બનેલ મહુડી ગુજરાતનું એક જાણીતું તીર્થ છે. વીર ઘંટાકર્ણ મહાવીરનું એકમાત્ર મુખ્ય તીર્થ બનેલું મહુડી ત્યાંના પ્રસાદ સુખડી માટે પણ પ્રખ્યાત છે. પણ મારે જે વાત કરવી છે એ થોડી અલગ છે. મહુડી તીર્થની સ્થાપના કરાવનાર યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજની વાત કરવી છે. આપણી સાહિત્ય પ્રત્યેની અવહેલનાની વાત કરવી છે. જૈન લોકો દેરાસર બનાવે, ભોજનશાળા બનાવે, ધર્મશાળાઓ બનાવે પણ સાહિત્ય પ્રત્યે એમની ભાવના થોડી ઉદાસીન રહી છે.

મહુડી જૈન મંદિરના સ્થાપક યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ હતા. ઈ.સ.૧૮૭૪માં વીજાપુર ખાતે શિવાભાઈ કણબીને ત્યાં એમનો જન્મ. બાળપણનું નામ બહેચરદાસ. માત્ર છ ચોપડી ભણેલા બાળક બહેચરને જૈન મુનિનો સંપર્ક થયો અને પોતાની આત્મસાધના અને પુરુષાર્થથી ઉર્દુ, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતીમાં પારંગત થઈ અનેક ગ્રંથોનું સર્જન કર્યું. યોગ, કાવ્ય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ભજનો વગેરેના ૧૩૫ ગ્રંથોની રચના કરી. વિજાપુરમાં તે વખતે ખુબ અંધશ્રદ્ધા, ભૂત, પ્રેત, પિશાચ વગેરેમાં લોકો ફસાયેલા હતા. આમાંથી બહાર કાઢવા તેમણે જૈન ધર્મના ૫૨ વીરોમાંથી ઘંટાકર્ણ વીરની સાધના કરી તેમને પ્રત્યક્ષ કર્યા અને લોકોની મદદ કરવા કહ્યું. એ સમયથી મહુડી ઘંટાકર્ણ વીરની આસ્થાનું પ્રતીક બની ગયું. કાશીના પંડિતોએ તેમને 'શાસ્ત્ર વિશારદ'નું બિરૂદ આપ્યું. આજીવન ખાદી પહેરનાર આ વિભૂતિને સાંભળીને વડોદરાના મહારાજા સયાજીરાવે દશેરાને દિવસે થતો પશુવધ બંધ કરાવ્યો. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજે લગભગ ૨૦૦૦ કવિતાઓ લખી છે અને ધ્યાન, યોગ, અધ્યાત્મ, કર્મ આત્મા પર આશરે ૧૦૦થી પણ વધુ ગ્રંથોનું સર્જન કર્યું છે.

મહુડીમાં એમના પુસ્તકોનું સંગ્રહસ્થાન છે પણ લોકોની બહુ જાણમાં આવતું નથી. આપણે સાહિત્ય પ્રત્યે ઉદાસીન છીએ એનું આ પરિણામ છે. ભોંયરામાં નાનું સંગ્રહાલય બનાવવાના બદલે એક અલગ ઓડીયો વીઝ્યુઅલ સ્વરૂપે જો એક વ્યવસ્થિત સંગ્રહાલય બનાવવામાં આવે તો એમના કાર્યોનું મૂલ્યાંકન થઈ શકે. આપણે લૌકિક, ભૌતિક ઉપાસનામાં સરસ્વતી ઉપાસના ચુકી જઈએ છીએ. આવનાર શ્રદ્ધાળુઓમાંથી ૧% વર્ગ પણ એ જોવા જતો હોય એવું જણાતું નથી. ૧૫૦ વર્ષ પહેલા એમણે કરેલી ભવિષ્યવાણી આજે સાચી જણાય છે, જેવી કે કરીયાણાની દુકાનમાં પાણી વેચાશે, એક ખંડમાંથી બીજા ખંડમાં વાત થશે, જેનો ઉલ્લેખ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલકિલ્લા પરથી ઈ.સ. ૨૦૧૯માં કરેલો.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ.સા.ની નીચેની રચના સાથે લેખને વિરામ આપીએ.

કુંકુમકિરણ તવ જળ વિષે, પડતા જ શોભા બહુ થતી,  
પરમાર્થદેવીની હો, જાણે કરતા જ આરતી,  
સાબરમતી જળમાં પડી કુમકુમ કિરણો નહાય છે,  
તેથી બની ધોળા પછી આકાશમાં શોભાય છે.

(M) 81411 99064

## પ્રાર્થના

અબ સૌંપ દીયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથોં મેં,  
હૈ જીત તુમ્હારે હાથો મેં, ઔર હાર તુમ્હારે હાથોં મેં.  
મેરા નિશ્ચય બસ એક યહી, એક બાર તુમ્હે પા જાઉં મે,  
અર્પણ કર દું દુનિયાભરકા સબ પ્યાર તુમ્હારે હાથોં મેં.  
જો જગ મેં રહું તો ઐસે રહું જ્યોં જલમેં કમલકા ફૂલ રહે,  
મેરે સબ ગુણદોષ સમર્પિત હો કરતાર, તુમ્હારે હાથોં મેં  
યદિ માનુષ કા મુઝે જન્મ મિલે તો તવ ચરણોં કા પૂજારી બનું,  
ઈસ પૂજક કી એક એક રગ કા હો તાર તુમ્હારે હાથોં મેં.  
જબ જબ સંસાર કા કૈદી બનું નિષ્કામ ભાવ સે કર્મ કરું,  
ફિર અંત સમયમેં પ્રાણ તજું નિરાકાર-સાકાર તુમ્હારે હાથોં મેં  
મુઝમેં તુજમેં બસ ભેદ યહી હૈ, મૈં નર હું તુમ નારાયણ હો,  
મૈં હું સંસાર કે હાથોં મેં, સંસાર તુમ્હારે હાથોં મેં.



યુદ્ધ અહંકારનું સંતાન છે અને  
અહંકાર ધન-સંપત્તિની પુત્રી છે.

## પ્રમુખસ્થાનેથી



- ઉમેશ એન. દોશી

# 'આપણો સમાજ બીજાથી અલગ કેમ છે ?'

આ શબ્દો - અભિપ્રાય મારો નથી, આપણા સૌના આદરણીય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જૈન વિશેષજ્ઞ પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈના આપણા સમાજ માટેના તેમના અભિપ્રાયના છે. તા. ૨૯-૮-૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ 'જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ સર્ટિફિકેટ વિતરણ સમારોહ'માં સમાજ દ્વારા અતિથિવિશેષ પદે તેઓશ્રીને આમંત્રિત કરવામાં આવેલ ત્યારે તેમના વક્તવ્યમાં તેઓએ જણાવેલ.

'જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ' જે તા.૨-૧૦-૨૦૨૦થી શરૂ થયેલ તે ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થતાં તા.૨૯-૮-૨૦૨૧ને રવિવારના રોજ AMA ખાતે કોર્ષમાં ભાગ લેનાર અભ્યાસુઓનો સર્ટિફિકેટ વિતરણ સમારોહ યોજવામાં આવેલ જેમાં અમદાવાદનું ગૌરવ એવા પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈ અતિથિવિશેષપદે પધારેલ તેમાં તેઓશ્રીએ પોતાના મનનીય વક્તવ્યમાં અગત્યની વાત જણાવી કે મેં ઘણા સમાજોમાં કાર્ય કર્યું છે અને જોયું છે, દરેક સમાજ પોતાના સભ્યોની સહાય વિ.માટે કાર્યો કરે છે અને તે સ્વાભાવિક છે પરંતુ તેનાથી કંઈક વિશેષરૂપે આજના સમયને પારખી મર્યાદિત વાડાઓથી ઉપર ઊઠી સારાયે જૈન સમાજને પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને લોકો સુધી પહોંચાડવા માટેની જે દૂરંદેશી આપના સમાજે દર્શાવી છે તે ખૂબ જ અભિનંદન અને ધન્યવાદને પાત્ર છે. આવું મેં હજુ સુધી કોઈ સમાજમાં જોયું નથી.

આ અંગેનો વિગતવાર અહેવાલ આ અંકમાં આપવામાં આવેલ છે.

આપણો સમાજ છેલ્લા કેટલાય વર્ષોથી સમાજના દરેક વર્ગોને ઉપયોગી, સહાયભૂત થાય તેવી વિવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ છે, નાના બાળકોથી લઈ યુવાનો, મહિલાઓ, સીનીયર સીટીઝન્સ તેમજ જેમના પ્રત્યે સહુથી વધુ અનુકંપા છે તેવા સાધર્મિક પરિવારોની જરૂરિયાતોની અને દરેક વર્ગના વિકાસની પ્રવૃત્તિઓ પ્રત્યે અમો પૂરેપૂરા સજાગ છીએ. આ દરેક સમાજની સામાન્ય ફરજના ભાગરૂપે છે અને તેને નિષ્ઠાપૂર્વક બજાવવી તે દરેક સમાજનું કર્તવ્ય છે.

આ તો થઈ સમાજનો જે વર્ગ સમાજની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે અને સમાજ દ્વારા મળતા લાભોનો પોતાની જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરી રહેલ છે તેની ડો.શ્રી કુમારપાળભાઈ દેસાઈએ જણાવ્યા પ્રમાણે અમોએ સમાજની દૃષ્ટિને થોડી વિશાળ કરી છે. અમોએ સમાજનું મહત્વ, મર્યાદાઓ, તેના નીતિ-નિયમો પૂરેપૂરા સાચવીને પરંતુ પંથના વાડાથી ઉપર ઉઠીને સારાયે જૈન સમાજના સાચા હિત માટેની, પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને સમગ્ર જૈન સમાજ સુધી પહોંચાડવા માટેની એક નવતર પ્રવૃત્તિ અંગે વિચારણા કરી અને કમિટી સભ્યોના સંપૂર્ણ સમર્થનથી અને સહુના સાથ સહકારથી ગઈ તા.૨-૧૦-૨૦૨૦થી સારાયે જૈન સમાજના આદરણીય વિદ્વાન મુંબઈ સ્થિત ડો. બીપીનભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ જૈનીઝમનો 'જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ' ઓનલાઈન ચાલુ કર્યો. મને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે અમારા આ નવતર અભિયાનમાં દેશ-વિદેશમાંથી સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી બધા મળી કુલ ૧૮૬ સભ્યોએ રેકોર્ડ રજીસ્ટ્રેશન કરાવ્યું. ડો. બીપીનભાઈએ અન્ય વિદ્વાન વક્તાઓ સાથે મળી ખૂબ જ સરળ શૈલીમાં જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો જેવા કે છદ્રવ્ય, નવતત્ત્વ, લેશ્યા, ગુણસ્થાનક, કાલચક્ર, જૈન બ્રહ્માંડ વિ.નો સુંદર અભ્યાસ કરાવ્યો જેનો શરૂઆતમાં જણાવ્યું તે મુજબ પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈના અતિથિવિશેષપદે અને ડો.શ્રી બીપીનભાઈ દોશીની ઉપસ્થિતિમાં સર્ટિફિકેટ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો. મને કહેતા ખૂબ જ આનંદ અને ગર્વ થાય છે કે આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો અને પહેલી જ વાર રૂબરૂ મળવા છતાં ભાગ લેનાર અભ્યાસુઓ જાણે વર્ષોથી એકબીજાના પરિચિત હોય તેવી દરેકને અનુભૂતિ થઈ. આ બધુ શક્ય બન્યું છે અને આભારી છે જૈનીઝમ ટીમના આ કોર્ષના મારા સાથી મિત્રોથી.

મુખ્ય સહાયક : પ્રીતિબેન શાહ
(તંત્રી-સમાજ આરસી),
નીરજભાઈ શાહ
(કમિટી સભ્ય)
ટેકનીકલ સંચાલન : નિલયભાઈ શાહ
(કમિટી સભ્ય),
કિંતનભાઈ ગાંધી
પ્રાર્થના સંયોજક : ભાવેશભાઈ ભાલાણી
પરીક્ષા સહાયક : જાગૃતિબેન ઘીવાળા

સોશિયલ મીડીયા કાર્ય : અલ્પેશભાઈ ધોળકીયા (કમિટી સભ્ય)

અને મુંબઈથી ડો.બીપીનભાઈ દોશીની ટીમમાંથી કવિતા મેડમ અને મિ.અમલ તેમજ આપણો ઓફિસ સ્ટાફ તો ખરો જ.

આમ ઉપરોક્ત સહુના સાથ સહકારથી જૈનીઝમ કોર્ષ પાર્ટ-૧ ખૂબ સુંદર રીતે પરિપૂર્ણ કરી શક્યા છીએ.

જણાવતાં આનંદ થાય છે કે ભાગ લેનાર અભ્યાસુઓ તથા અન્યોની માંગણીને ધ્યાનમાં લઈ આજ કોર્ષ ફરી શરૂ કરી રહ્યા છીએ, સાથે અન્ય બીજા બે કોર્ષ પણ શરૂ કરી રહ્યા છીએ જેની વિગત નીચે પ્રમાણે છે પરંતુ તે પહેલાં આ કોર્ષની જરૂરિયાત અને મહત્વ શું છે તે અંગે થોડું જણાવવા માગું છું.

આપણે સહુ જન્મે જૈન છીએ, ધર્મે પણ જૈન છીએ. સામાયિક, મહદ્અંશે પર્યુષણમાં પ્રતિક્રમણ, સંત-સતીજીના વંદન ક્યારેક થોડું-ઘણું વાંચન ત્યાં મહદ્અંશે લોકોની ધર્મની સમજ પૂરી થઈ જાય છે અથવા અટકી જાય છે. આ બાબત દરેકને લાગુ પડે તેવું નથી મુખ્યત્વે યુવાવર્ગને લાગુ પડે છે. મારા અનુભવ પ્રમાણે મારે એટલું જ કહેવું છે કે યુવાવર્ગને ધર્મ નથી કરવો કે રૂચિ નથી તેવું નથી પણ તેમની પાસે આ બાબત સમજવાનો સમય કે અનુકૂળતા નથી. સ્થાનકોમાં જવાની કે સંત-સતીજીઓ પાસે બેસીને સમજવાનો સમય નથી. યુવાવર્ગ પાસે પ્રશ્ન ઘણા છે પણ સમાધાન મેળવવા માટે તેના જાણકાર પાસે જવાનો સમય નથી. આ માટે જ આપ સહુની અનુકૂળતાને ધ્યાનમાં લઈ પ્રભુ મહાવીરના બેઝીક સિદ્ધાંતોને આપ સમજી શકો તે માટે અમો ૧ વર્ષનો **'જૈન ફિલોસોફી બેઝીક ઓનલાઈન કોર્ષ'** ફરી શરૂ કરી રહ્યા છીએ જેમાં મુખ્યત્વે,

- જૈન ધર્મની વિશેષતા - જૈન ધર્મનો ઇતિહાસ - જૈન ધર્મના સિદ્ધાંતો સાથે રોજીંદી જીવનશૈલી - જીવનમાં શું કરવા જેવું છે અને શું કરવા જેવું નથી - વિશ્વમાં જૈન ધર્મનું મહત્વ તેમજ પ્રભુ મહાવીરના અલગ અલગ સિદ્ધાંતો જે આ લેખમાં મેં જણાવેલ છે તેને ખૂબ જ સરળ શૈલીમાં સારાયે જૈન સમાજના વિદ્વાન મુંબઈ સ્થિત ડો.શ્રી બીપીનભાઈ દોશી તથા અન્ય નામાંકિત વિદ્વાનો દ્વારા ઘરે બેઠા સમજ આપવામાં આવશે. આપે અઠવાડિયામાં ફક્ત બે કલાક આ માટે ફાળવવાના છે. દર શુક્રવારે રાત્રે ૮ થી ૧૦ અને હા ! આ કોર્ષમાં ચારે ફીરકાના કોઈપણ સભ્ય વિશ્વના કોઈપણ સ્થળેથી જોડાઈ શકે છે. મને વિશ્વાસ છે તમે એકવાર જોડાઈ જશો અને ૩-૪ લેક્ચરમાં જ તમે દિલથી તેમાં રસ ધરાવતા થઈ જશો અને બીજા શુક્રવારની રાહ જોતા થઈ જશો.

- જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ ઉપરાંત જે અભ્યાસુઓએ બેઝીક કોર્ષ કરી લીધેલ છે અને હવે આગળ કંઈક વધુ ઊંડાણપૂર્વક જાણવું છે તેમના માટે અમો શરૂ કરી રહ્યા છીએ

**'તત્ત્વાર્થસૂત્ર કોર્ષ'** - દર સોમવારે રાત્રે ૮ થી ૧૦.'

- બાળકોને ઘણા બધા વાલીઓ ઉપાશ્રયે કે સ્થાનક ઉપર પાઠશાળા-જૈનશાળામાં મોકલતા હોય છે પરંતુ આજની બાળકો માટેની વ્યસ્ત જીવનશૈલીમાં બધાને તે માટે જવાની અનુકૂળતા હોતી નથી. તેમના માટે શરૂ કરી રહ્યા છીએ જૈન ધર્મના જ્ઞાન ઉપરાંત જીવન ઘડતરની રીતો

''Life with Jainism''

દર શનિવારે રાત્રે ૮-૩૦ થી ૯-૩૦

આ બધા કોર્ષ Zoom ઉપરથી on line શરૂ કરવામાં આવશે. તે અંગેની અન્ય જરૂરી વિગતો આ અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

આજની ભાગદોડવાળી જીવનશૈલીમાં ઘરે બેઠા જૈન ધર્મને જાણવાનો મળેલો મોકો ચૂકવા જેવો નથી.

**'જાતે જોડાઈએ અને સહુને જોડીએ.'**


**SHAH AGENCIES**

SHAH EXPORTS

PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.

DEALING IN : POLYESTER FILM STRETCH FILM, SHRINK FILM & SLEEVE

EXPORTER : PRODUCTS FLEXIBLE PACKAGING

NAVIN SHAH • NIRAV SHAH • DEVANG SHAH

Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63, 64
Fax : 91-79-26932665, (R) 26932733/34
E-mail : navinjshah@gmai.com

**SHAH ASSOCIATES**

DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES

ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421

Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

**JIVANSATHI.NET**
**મેરેજ બ્યુરો**

લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે

**માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી**

**સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ**

એ-૯, તીર્થદેવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.

**Mobile : 98 25 19 19 25**
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net




તમારી પાસે કંઈ જ બચ્યું નહિ હોય ત્યારે ભવિષ્ય તો બાકી હોય જ.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૮-૨૦૨૧ થી તા. ૩૧-૦૮-૨૦૨૧ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૦૮૦ | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે) | ૬૦,૦૦૦/- |
| ૪૦૨૮ | નિરૂબેન જસવંતભાઈ શાહ - કોરોના મહામારીમાં અરિહંતશરણ થયેલ સભ્યને સહાય (માનવરાહત ફંડ ખાતે) | ૨૫,૦૦૦/- |
| ૪૦૪૨ થી ૪૦૪૪ | એક સદગૃહસ્થ તરફથી - જૈનિઝમ કોર્ષ પેટે (શૈક્ષણિક સહાય ખાતે) | ૨૫,૦૦૦/- |
| ૪૦૬૫ | સ્વ.જસવંતીબેન ધીરજલાલ શાહ હસ્તે ધીરજલાલ ગીરધરલાલ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૦૨૦ | શ્રીમતી કોકિલાબેન નગીનદાસ શાહ (વોરા) - વર્ષ : ૨૦૨૧ સંઘશેષ સહાયક દાતા (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૦૪૬ અને ૪૦૪૭ | શ્રીમતી તરૂલતાબેન જયેન્દ્રભાઈ શાહ પરિવાર હ.ધારાબેન તથા ચાર્મીબેન - વર્ષ : ૨૦૨૧ - સંઘશેષ સહાયક દાતા (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૦૪૮ અને ૪૦૪૯ | સ્વ.આશાબેન હર્ષદભાઈ શાહના સ્મરણાર્થે હ.ડો.હર્ષદભાઈ પ્રભુદાસ શાહ - વર્ષ : ૨૦૨૧ - સંઘશેષ સહાયક દાતા (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૦૫૨ અને ૪૦૫૩ | હસમુખલાલ હિંમતલાલ શાહ (નાથાભવાન) હ.વસુમતિબેન હસમુખલાલ શાહ - વર્ષ : ૨૦૨૧ - સંઘશેષ સહાયક દાતા (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૦૮૬ અને ૪૦૮૭ | મનુભાઈ મંગળદાસ શાહ (નાથાભવાન) હ.હેમલભાઈ મનુભાઈ શાહ - વર્ષ : ૨૦૨૧ - સંઘશેષ સહાયક દાતા (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૦૦૪ | કાંતિલાલ આણંદજી ગાંધી પરિવાર (પાળિયાદ) યશ્વી દર્શન ગાંધી પાંચમી માસિક પુણ્યતિથિ નિમિત્તે (માનવરાહત ફંડ, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૪૦૫૮ | જયશ્રીબેન અશોકભાઈ સંઘવી - જૈનિઝમ કોર્ષ પેટે (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૪૦૭૬ અને ૪૦૭૮ | ભાવનાબેન જયેશભાઈ અજમેરા, જયેશભાઈ પી.અજમેરા - જૈનિઝમ કોર્ષ પેટે (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૪૦૬૬ | દિલીપભાઈ મનસુખલાલ વસાણી (માનવરાહત ફંડ, તબીબી યોજના ફંડ, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ ફંડ ખાતે) (વર્ષ : ૨૦૨૧-૨૨) | ૧૦,૦૦૦/- |
| ૪૦૬૮ | ભાવિનભાઈ કાંતિલાલ સંઘવી - વર્ષ : ૨૦૨૧ એજ્યુકેશન નોટબુક : કાંતિલાલ અમરતલાલ સંઘવી, નલીનીબેન કાંતિલાલ સંઘવી : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૦૦૦/- |
| ૪૦૫૪ | નવીનચંદ્ર ન્યાલચંદ શાહ (સાણંદવાળા) - વર્ષ : ૨૦૨૧ એજ્યુકેશન નોટબુક : ન્યાલચંદભાઈ હીરાચંદ શાહ, ઝવેરીબેન ન્યાલચંદભાઈ શાહ : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩૦૦૦/- |
| ૪૦૭૫ | વિક્રમભાઈ જયંતિલાલ સંઘવી - વર્ષ : ૨૦૨૧ એજ્યુકેશન નોટબુક : જયંતિલાલ નરસીદાસ સંઘવી, સુશીલાબેન જયંતિલાલ સંઘવી : ફોટા : ૨ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩૦૦૦/- |
| ૪૦૭૭ | હંસાબેન નરેન્દ્રભાઈ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૩૦૦૦/- |
| ૪૦૧૭ | ભરતભાઈ ચીમનલાલ દોશી - સુપુત્ર ચિ.જૈનિલનું સગપણ મું.લીંબડી હા.સુરેન્દ્રનગર શ્રી ગૌરવભાઈ કિર્તીભાઈ શેઠની સુપુત્રી ચિં.મિરલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨૫૦૧/- |
| ૪૦૩૨ | અશોકભાઈ ત્રિલોકચંદ્ર સખીદાસ : સ્વ.હિરાબેન ત્રિલોકચંદ્ર સખીદાસના સ્મરણાર્થે હ. અશોકભાઈ તથા યોગેશભાઈ (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૪૦૮૪ | જીગરભાઈ દિતિનભાઈ વેજાણી - વર્ષ : ૨૦૨૧ એજ્યુકેશન નોટબુક : દિતિનભાઈ મુળચંદભાઈ વેજાણી ફોટા : ૧ (શૈક્ષણિક સહાય ખાતે) | ૨૫૦૦/- |
| ૪૦૮૮ | સ્વ.વર્ષાબેન મહેન્દ્રકુમાર શાહ હ.કાર્તિકભાઈ (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૪૦૮૪ | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૪૦૯૧ | મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (સેજકપરવાળા) (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૪૦૦૯ | ભરતકુમાર હિંમતલાલ શાહ - સુપુત્ર ચિં.હર્ષિતનું સગપણ મું.ધંધુકા હા.અમદાવાદ શ્રી અલ્પેશકુમાર પ્રવિણચંદ્ર શાહની સુપુત્રી ચિં.દિનાલી સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૫૦૫/- |
| ૪૦૫૯ | ચુનીલાલ માણેકચંદ ગોપાણી પરિવાર - વિમળાબેન ધીરજલાલ શાહની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે તા.૬-૮-૨૦૨૧ (માનવરાહત ફંડ ખાતે) | ૧૫૦૦/- |



જે ભવિષ્યનો ભય નથી રાખતો તે જ
વર્તમાનનો આનંદ માણી શકે છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૮-૨૦૨૧ થી તા. ૩૧-૦૮-૨૦૨૧ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૦૮૨ | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે) | ૧૫૦૦/- |
| ૪૦૧૮ | ગૌરવભાઈ કિર્તીભાઈ શેઠ - સુપુત્રી ચિં.મિરલનું સગપણ મુ.વિરમગામ હા.અમદાવાદ શ્રી ભરતભાઈ ચીમનલાલ દોશીના સુપુત્ર ચિં.જૈનિલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૨૫૫/- |
| ૪૦૧૦ | અલ્પેશકુમાર પ્રવિણચંદ્ર શાહ - સુપુત્રી ચિં.દિનાલીનું સગપણ મું.સાણંદ હા.અમદાવાદ શ્રી ભરતકુમાર હિંમતલાલ શાહના સુપુત્ર ચિં.હર્ષિત સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૧૦૫/- |
| ૪૦૨૧ | રાજેશભાઈ વ્રજલાલ અમૃતલાલ દોશી - સુપુત્ર ચિં.હર્ષનું સગપણ શ્રી સુદીપભાઈ મુખરજીની સુપુત્રી ચિં.નોયોનિશ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૧૦૩/- |
| ૪૦૨૨ | સુદીપભાઈ મુખરજીની સુપુત્રી - ચિં.નોયોનિશનું સગપણ મું.સુરેન્દ્રનગર હા.અમદાવાદ શ્રી રાજેશભાઈ વ્રજલાલ અમૃતલાલ દોશીના સુપુત્ર ચિં.હર્ષ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૧૦૩/- |
| ૪૦૦૭ | સુરેશકુમાર ચંપકલાલ ગાંધી - સુપુત્ર ચિં.કૃણાલનું સગપણ મું.રાણપુર હા.રાણપુર શ્રી ચંદ્રકાંતભાઈ હિંમતભાઈ ગાંધીની સુપુત્રી ચિં.હિતાક્ષી સાથે કર્યું તે શુભ પ્રસંગે (સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૦૦૨/- |
| ૪૦૦૮ | ચંદ્રકાન્તભાઈ હિંમતભાઈ ગાંધી - સુપુત્રી ચિં.હિતાક્ષીનું સગપણ મું.સિદસર (વઢવાણ) હા.અમદાવાદ શ્રી સુરેશકુમાર ચંપકલાલ ગાંધીના સુપુત્ર ચિં.કૃણાલ સાથે કર્યું તે શુભ પ્રસંગે (સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૦૦૨/- |
| ૪૦૬૦ | કલ્પેશભાઈ વિનોદચંદ્ર સંઘવી - સ્વ.વિમળાબેન તથા વિનોદચંદ્ર હરિલાલ સંઘવીના સ્મરણાર્થે (માનવરાહત ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૬૧ | માનસીબેન કલ્પેશભાઈ સંઘવી - ચંદ્રાબેન પુનમચંદ વસાણી તથા પુનમચંદ ગુલાબચંદ વસાણી (માનવરાહત ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૬૨ | રમેશભાઈ ગીરધરલાલ વસાણી (માનવરાહત ફંડ, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૬૭ | જીતેન્દ્રભાઈ ગીરધરલાલ શાહ (માનવરાહત ફંડ, તબીબી યોજના ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૭૩ | ફાલ્ગુનીબેન જયેશકુમાર સંઘવી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા.૨ સપ્ટેમ્બર (માનવરાહત ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૮૩ | વિરલભાઈ ધીરજલાલ શાહ - સ્વ.ધીરજલાલ દીપચંદ શાહના સ્મરણાર્થે (માનવરાહત ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૦૭૯ | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૧/- |
| ૪૦૨૬ | મનિષભાઈ કાંતિલાલ શાહ - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૫૬ | મિલનભાઈ નટવરલાલ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૫૭ | બીનાબેન પરેશભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૬૩ | અનિલભાઈ લક્ષ્મીચંદભાઈ વેજાણી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૬૪ | જીગ્નેશભાઈ લક્ષ્મીચંદભાઈ વેજાણી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૭૦ | હર્ષાબેન ઉપેન્દ્રભાઈ ગોપાણી, ઉપેન્દ્રભાઈ હરગોવિંદદાસ ગોપાણી - લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા. ૩ ઓગસ્ટ (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૮૯ | ગૌતમભાઈ પ્રાણલાલ શાહ (સમાજવિકાસ ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૦૩૧ | રીટાબેન શશીકાંતભાઈ શાહ, શશીકાંતભાઈ ગુલાબચંદ શાહ - લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૧/- |
| ૪૦૦૧ | સુરેશભાઈ ચંપકલાલ ગાંધી (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦/- |
| ૪૦૫૫ | નવીનચંદ્ર ડાહ્યાલાલ બારભાયા (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦/- |



કર્તવ્ય અને વર્તમાન આપણું છે,
ફળ અને ભવિષ્ય ઈશ્વરને હાથ છે.

## તા. ૦૧-૦૮-૨૦૨૧ થી તા. ૩૧-૦૮-૨૦૨૧ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૪૦૦૧, ૪૦૩૦, ૪૦૪૦, ૪૦૫૧, ૪૦૬૯, ૪૦૭૨, ૪૦૮૫ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલિ મેટર | ૪૦૦૨, ૪૦૨૪, ૪૦૩૩, ૪૦૩૭ |
| સમાજ આરસી જાહેરાત | ૪૦૧૯ |
| લોન ધિરાણ | ૪૦૧૧, ૪૦૧૨, ૪૦૧૩, ૪૦૧૪, ૪૦૧૫, ૪૦૧૬, ૪૦૩૪, ૪૦૩૬ |
| અન્ય | ૪૦૯૦, ૪૦૦૩, ૪૦૦૫, ૪૦૦૬, ૪૦૨૩, ૪૦૨૫, ૪૦૨૭, ૪૦૨૯, ૪૦૩૫, ૪૦૩૮, ૪૦૩૯, ૪૦૪૧, ૪૦૪૫, ૪૦૫૦, ૪૦૭૧, ૪૦૭૪ |

## સાધર્મિક સભ્યોને બેડશીટનું વિતરણ

સાધર્મિક સભ્યો માટે હંમેશા અનુકંપાની લાગણી ધરાવનાર ઉદારદિલ દાતા શ્રી મુગટલાલ ખીમચંદ દોશી પરિવાર દ્વારા માતુશ્રી રંજનબેન મુગટલાલ દોશીની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પુત્રવધુ શ્રીમતી ભારતીબેન નીતીનભાઈ દોશી તરફથી દરેક સાધર્મિક સભ્યોને પરિવારના સભ્યોની સંખ્યા મુજબ બેડશીટનું વિતરણ કરવામાં આવેલ જેનો દરેક સાધર્મિક સભ્યોએ લાભ લીધેલ. તેઓની આ ઉચ્ચ ભાવના બદલ સમાજ તેઓનો આભારી છે.

## હાસ્યમોતી

એક રેસ્ટોરન્ટમાં ગ્રાહકે વેઈટરને પૂછ્યું : 'એક કોફી કેટલાની છે ?'

'પચાસ રૂપિયાની...'

'આટલી બધી મોંઘી ! સામેની દુકાનમાં તો પચાસ પૈસાની છે...'

વેઈટર : 'એ તો ફોટોકોપીની દુકાન છે... જરા બોર્ડ તો બરાબર વાંચો !'


ચૈતાલી દોશી : ૭૮૭૮૧ ૫૭૯૩૯

**અરિહંત ઓટો એડવાઈઝર**

- ડ્રાઈવીંગ લાયસન્સ / રીન્યુ / ફેરફાર
- દરેક પ્રકારના વ્હીલર ટ્રાન્સફર
- તમામ પ્રકારના RTO ના કામકાજ
- વ્હીકલ ચોઈસ નંબર / HSRP નંબર પ્લેટ
- વ્હીકલ ઈન્સ્યોરન્સ




## શ્રદ્ધાંજલિ

(૧) મુ.સુરેન્દ્રનગર હા.અમદાવાદ વિરલભાઈ, બીનાબેન, રૂપાબેન, લીનાબેનના પિતાશ્રી ધીરજલાલ દીપચંદ શાહ તા.૨૨-૮-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

(૨) મુ.વઢવાણ હા.અમદાવાદ સ્વ.રાજેશભાઈ ગુણવંતલાલ શાહ તથા દિનેશભાઈ અને જયેશભાઈના માતુશ્રી વનિતાબેન ગુણવંતલાલ શાહ તા.૨૫-૮-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

(૩) મુ.લીંબડી હા.અમદાવાદ યોગેશભાઈ, સ્વ.મહેશભાઈના માતુશ્રી જયાબેન કીરચંદભાઈ શાહ (સાખીદાસ) તા.૨૭-૮-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે...


જેની જીભમાં અમી તેને દુનિયા નમી

Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847

**HIRA OPTICS**


Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.

**રોશની ચશ્મા ઘર**

તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
નરેન્દ્ર કે. દોશી M. : 8000360616

**ROSHNI OPTICALS & WATCH**

Sanjay Tower, Nr. Shyamal Cross Road, Satalite, Ahmedabad.
Aksha Doshi : 82382 58489



(M) 93286 82068

**PIYUSH K. SHAH**

**FINANCIAL CONSULTANT**

We Manage Money of Mutual Fund through Asset Allocation
We are Working in Term Life Insurance, Corporate Deposits
& Secondary Bond Market



**Resi.:** 8/89, Rameshwar Apartment, Sola Road, Ahmedabad-63.
E-mail : piyush_zfc@yahoo.co.in

## SZVS knowledge Series, ઓનલાઈન પ્રોગ્રામ-૧૧
## 'ક્યા કહેંગે લોગ'નો અહેવાલ
## તા. ૦૫-૦૮-૨૦૨૧ રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ (Dr.Gitikaben Saluja)

તા. ૫-૮-૨૧ને ગુરુવારે સાંજે ૮-૩૦ વાગે સમાજ આયોજિત નોલેજ સીરીઝના ૧૧માં વેબિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. જેમાં આ વખતનો વિષય હતો 'ક્યાં કહેંગે લોગ' અને વક્તા હતા ડો.ગીતીકાબેન સલૂજા.

નોલેજ સીરીઝના મુખ્ય આયોજક શ્રીમતી લીનાબેન દોશીએ ડો.ગીતીકાબેનનો સંક્ષિપ્ત પણ માહિતીસભર પરિચય આપ્યો. ડો.ગીતીકાબેન બહુમુખી પ્રતિભા છે અને સફળ બિઝનેસ વુમનની સાથે સમાજની વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે પણ ગાઢ રીતે સંકળાયેલા છે. તેમણે આ વિષય એવી રસપ્રદ રીતે રજૂ કર્યો કે બાલ-વૃદ્ધ સર્વેને જીવનમાં બનતી સારી, નરસી ઘટનાઓમાં પોતાના માઈન્ડને કેવી રીતે કન્ડીશન કરવું જેથી જીવનમાં સારા અને તટસ્થ નિર્ણયો લઈ શકાય.

ડો.ગીતીકાબેને કહ્યું કે જીવનની સૌથી મોટી સમસ્યા છે કે સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ.

સપના સાકાર કરવાની જવાબદારી વ્યક્તિની પોતાની છે અને તેના માટે એ કરો જે મન કહે, એમ ન વિચારો કે લોકો શું કહેશે. સફળતા ત્યારે જ મળશે જ્યારે દરેક કાર્ય દિલથી કરવામાં આવશે. તેમણે ચહેરા પરના સ્માઈલને અને સાંભળવાની skillને કોમ્યુનિકેશનના મુખ્ય અંગ કહ્યા. તેમણે જણાવ્યું કે ક્યારેય પણ પોતાની જાતને અન્ડર એસ્ટીમેટ ન કરો અને એ બધું જ કરો જે તમને આનંદ આપે પણ સાથે સાથે બીજાને નુકસાન ન પહોંચાડે. આત્મવિશ્વાસથી મનને છલોછલ ભરી દેવાની પણ વાત તેમણે કરી, સાથે જ ડો.ગીતીકાબેને Circle of Control, Circle of Infulence અને Circle of Concernનો સિદ્ધાંત સુંદર રીતે ગ્રાફિક્સથી સમજાવ્યો. ત્યારબાદ સભ્યોએ પણ જીવન અંગેના પ્રેક્ટીકલ પ્રશ્નો પૂછીને વેબિનારને વધુ રસપ્રદ બનાવ્યો જેના ગીતીકાબેને ખૂબ જ સંતોષકારક જવાબો આપ્યા, નિરજભાઈએ સવાલ-જવાબ સેશનનું સરસ રીતે સંચાલન કર્યું.

અંતમાં નોલેજ સીરીઝના કમિટી સભ્ય સંદિપભાઈ સંઘવીએ ડો. ગીતીકાબેન સલૂજાનો આવી જીવન ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપવા માટે સમાજ વતી આભાર માન્યો. સાથે આખો કાર્યક્રમ નિર્વિઘ્ને સંચાલન કરવા માટે સમાજની IT Team, વેબિનારમાં ભાગ લેનાર સર્વે સભ્ય મિત્રો તથા શ્રીમતી લીનાબેન દોશીનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ સંપન્ન થયેલ જાહેર કર્યો.

પ્રેષક : સંદીપ સંઘવી

## SZVS knowledge Series, ઓનલાઈન પ્રોગ્રામ-૧૨
## Curated Travel Beyond Pandemic (શ્રીમતી હરદી ઓમી પટેલ)

તા.૧૯ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ SZVS Jain Samajના Knowlege Series Online platform પર રાત્રે ૮-૩૦ વાગે એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રોગ્રામ શ્રીમતી હરદી ઓમી પટેલ દ્વારા કોરોના પછીના પ્રવાસ આધારિત હતો. વિષય હતો 'Curated Travel Beyond Pandemic.'

આ પ્રોગ્રામની શરૂઆત SZVS KSના Committee Member અને સફળ સંચાલક શ્રીમતી લીનાબેન દોશી દ્વારા કરવામાં આવેલ. જે રીતે તેઓએ પ્રવાસ કરવો, ક્યાં કરવો અને કેવો કરવો અને તેમાંથી શું મળે તેનું સુંદર વક્તવ્ય રજુ કર્યું. અને પછી શ્રીમતી હરદી ઓમી પટેલનો પરિચય આપ્યો. પરિચય સાંભળતા જ આપણને મન થઈ જાય કે આ વિષય પણ આટલો ઊંડો હોઈ શકે કે એક એન્જિનિયર તેની કારકીર્દી ખુશી-ખુશી તેમાં બનાવે અને તેના ઘરના દરેક વ્યક્તિ સપોર્ટ કરે.

વિષયની શરૂઆતમાં જ શ્રીમતી હરદીજીએ જણાવ્યું કે માત્ર મોંઘી દાટ પ્રવાસ જ સાચા પ્રવાસ ન હોય પરંતુ પ્રવાસ દરમિયાન કરવામાં આવતા સ્થળની નાની-નાની વિશેષતાઓને ઊંડાણથી સમજી ત્યાં માણવી એ ખૂબ જ અગત્યનું છે. તેઓએ સુંદર અનેક દૃષ્ટાંત દ્વારા એ સિદ્ધ કરી બતાવ્યું કે આપણે ઘણી વખતે તેઓએ જણાવેલ સ્થળો પર જેવા કે ઉદેપુર, કચ્છ, પાટણ વિગેરે ગયા હશું પરંતુ જે રીતે તેમને ત્યાંની વિશેષતા - ફોટો સાથે વર્ણવી અને તેમાંથી કેવી રીતે આનંદ અને લાંબા સમયની યાદગીરી કેળવવી તે જણાવ્યું તે અતિ સુંદર પાસું હતું.

તેઓશ્રી ગર્વમેન્ટ સાથે પણ અનેક પ્રવાસ સ્થળોનું કાર્ય કરી રહ્યા છે. જેમાં રામ ભગવાનના આખા વનવાસનો રૂટ તૈયાર કરી


દરેક પરિસ્થિતિની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે,
કારણ કે તે સંપૂર્ણ અનંતતાનું પ્રતિનિધિત્વ કરે છે.

રહ્યા છે તેની પણ તેમણે સુંદર સમજ આપી. અહીં તેઓશ્રીએ જણાવ્યું કે પ્રાચીન નામ - આજના નામ - સ્થળની વિશેષતા સ્થળના યાદગાર પ્રસંગોથી કેવી રીતે પ્રવાસ અને અતિતને વધુ યાદગાર બનાવી શકાય તેનો પ્રયત્નનું સુંદર કાર્ય તેઓ કરવા જઈ રહ્યા છે.

આમ ન ધરાય તેવી રીતે તેમની અમદાવાદની નજીકના સ્થળોની સુંદર યાદી ફોટા સાથે તથા વિદેશ સુધીની યાદી ફોટા સાથે જોઈ એક નવી જ દિશા - નવા વિઝનથી કેવી રીતે પ્રવાસ કરી શકાય તેનું સુંદર અનુભવ અને જ્ઞાન મેળવ્યું.

અંતે આ સીરીઝમાં અમે હવે પછીના કાર્યક્રમની જાહેરાત કરી અને 'Take Away Home' મેસેજ જે ટૂંકી કાર્યક્રમની સમરી અંતે આપી કાર્યક્રમ પૂર્ણ કરેલ. આવનાર આશરે ૮૦ વ્યક્તિઓ દરેક ખૂબ જ આનંદ અને સંતોષ પૂર્ણ રીતે તેને માણી શકી.

- નિરજ અનિલભાઈ શાહ

## SZVS knowledge Series, ઓનલાઈન પ્રોગ્રામ-૧૩
## 'ફરી કુદરતના ખોળે' (શ્રી જગત કિનખાબવાલા)

જે રીતે વિજ્ઞાને વિકાસ કર્યો છે તે પછી પણ આપણે પરમ શાંતિ તો Nature એટલે કુદરત પાસેથી જ મળે છે. આનો અનુભવ આપ અને મેં બધાએ ક્યારેક તો કરેલ જ છે, સાચું ને ?

આવા કોરોના કાળમાં આપણે ઘરમાં ઘણી બધી વસ્તુઓ અને ઘણી વ્યક્તિઓની કિંમત સમજાઈ ગઈ પરંતુ શું સાચે જ આપણને કુદરતની કિંમત સમજાઈ ગઈ છે ?

તા.૨ સપ્ટેમ્બર ૨૦૨૧ને ગુરુવારે રાત્રે ૮-૩૦ વાગે SZVS Jain Samajના Knowledge Seriesના Online Platform પરથી આવો જ એક સુંદર આપણે અને આપણા અંતરાત્માને ઢંઢોળતો કાર્યક્રમ 'ફરી કુદરતના ખોળે' - શ્રી જગત કીનખાબવાલા સાહેબના મુખેથી સાંભળ્યો.

આ કાર્યક્રમની શરૂઆત કાર્યક્રમના સંચાલક શ્રીમતી લીનાબેન દોશીના મુખેથી અતિ કર્ણપ્રિય અને સાહિત્યના ઊંડાણથી કુદરતની અને કુદરત ઉપરની વાતો થઈ. તેઓએ ત્યારબાદ શ્રી જગત કીનખાબવાલા જૈન છે તથા તેઓશ્રી 'Sparrow man'નું ખિતાબ પામેલ છે તથા શ્રી નરેન્દ્ર મોદી તરફથી પણ તેઓને બિરદાવવામાં આવેલ છે. ઘણી બધી ઉપલબ્ધિ હોવા છતાં સરળ, સુંદર વ્યક્તિત્વ ધરાવતા શ્રી જગત કિનખાબવાલા સાહેબને આવકાર મળ્યો અને તેઓશ્રી સુંદર અને સરળ શૈલીમાં કુદરતની વાતમાં શરૂઆત વૃક્ષથી કરી અને ધીરે ધીરે કઈ રીતે આપણે કુદરતને નુકસાનકર્તા જાણતા-અજાણતા બનતા ગયા અને કેવી રીતે આ વૃક્ષોને લીધે ઘણી બધી જાતના પક્ષીઓ આપણી વચ્ચેથી વિસરી ગયા છે તેની નાની પણ દમદાર ઝલક આપી.

ધીરે ધીરે એમનું વ્યક્તિત્વ સરળ પણ સચોટ અને અસરકારક હતું તેવું વર્તાતું જતું હતું દરેક તેમની વાણીમાં ઓતપ્રોત અને સચ્ચાઈનો અનુભવ કરતું હતું. ધીરે ધીરે તેઓ વૃક્ષની સાથે રહેતા વસાત અને પશુ-પક્ષી-જીવોની વાતોને લેતા ગયા અને કાનથી - મન તરફ અને ત્યાંથી હૃદય સુધી પહોંચી દરેક હૃદય ઉપર કુદરતની અને આપણી જરૂરિયાતની અરસપરસની ગાઢતા અને વિશાળતા સમજાવતા ગયા. અંતે તેઓએ આપણે ઊભી કરેલી વિષમતાઓને કેવી રીતે પાછી વાળવી તેના ઉપાય પણ જણાવ્યા - આ ઉપાયથી તેઓશ્રી આશરે ૧,૫૦,૦૦૦ જેટલી ચકલીઓ અને અન્ય ૭-૮ જાતિના પક્ષીને પાછા લાવવામાં સફળ બન્યા છે તે પણ જણાવ્યું. આમ, ખૂબ જ સુંદર અને અસરકારક વાત દરેકને હૃદયને ઢંઢોરી અંદર સુધી ઉતારી ગયા.

તેઓએ ઘણી બધી આજની જણાતી ગ્રીન ટેકનોલોજી કેવી રીતે નુકસાનકારક છે અને નાના-નાના જીવોમાં પણ કેવી આવડત છે જેથી આખું જૈવિક ચક્ર ચાલે છે તેની સમજ આપી દરેક હાજર 'હૃદય'ને ફરી કુદરતના ખોળે જવા વિનંતી કરી.

આખો પ્રોગ્રામ ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થયો - હા એક હૃદયમાં નવી પ્રસાર - નવા કિરણથી નવી આશા તરફના નવા સૂર્ય ઊગાડવાના પ્રયાણ તરફ... 'ફરી કુદરતના ખોળે.'

- નિરજ અનિલભાઈ શાહ

### સૌ મનના માલિક છે એ સમજી લેવું એ જ બુદ્ધત્વ

માનવનું સરેરાશ આયુષ્ય છેલ્લાં ૨૦ વર્ષથી વધવા માંડ્યું છે. આથી વૃદ્ધોની સંખ્યા વધે એ સ્વાભાવિક છે. ખરેખર તો વૃદ્ધો-વડીલો એ પરિવારની શોભા છે. બે પેઢીઓની વચ્ચે વિચારનું અંતર પડી જાય છે આથી સંઘર્ષ પેદા થાય છે. સરવાળે વૃદ્ધોને જ સહન કરવું પડે છે, પણ વૃદ્ધોએ સવેળાએ પોતાની આવશ્યકતા માટે કોઈ પર નિર્ભર ન રહેવું પડે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. વૃદ્ધત્વનું બુદ્ધત્વ એમાં જ છે કે સૌને સારી રીતે જીવવા માટે ઈશારો જરૂર કરે, પણ તે માટે વધુ પડતો આગ્રહ ન રાખે. સૌ તેમના માલિક છે. એ વાત સમજી લેવી એ ખરેખર બુદ્ધત્વ છે. કોઈનાયથી ડિસ્ટર્બ થવું નહીં અને ડિસ્ટર્બ કરવા નહીં એ સૂત્ર વૃદ્ધો માટે સોનેરી સૂત્ર છે. પ્રભુભક્તિ, સદ્વાંચન, મૌન અને એકાંતસેવન તેમજ ધ્યાન એ વૃદ્ધપણાના સહારા છે. એના સહારે વૃદ્ધત્વ માત્ર વિતાવી જ શકાય એમ નથી પણ વૃદ્ધત્વને એન્જોય પણ કરી શકાય છે.



પોતાની નમ્રતાનું અભિમાન કરવું
તેનાથી વધુ નિંદાજનક કાંઈ નથી.

**જૈન ધર્મના હાર્દ સમા ઉત્તમ સિધ્ધાંતોને ઘરે બેઠા જાણવાની ઉત્તમ તક**
**એક વર્ષનો જૈન ફિલોસોફીનો ઓનલાઇન કોર્ષ - (Zoom પર)**

# જૈનીઝમ - ૨

૨ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ આપણા સમાજ તથા જૈન એકેડેમી મુંબઇના સંયુક્ત ઉપક્રમે જૈન ફિલોસીફીના હાર્દ સમા બેઝિક સિધ્ધાંતોને બહુ જ સરળ ભાષામાં સમજાવતાં એક સર્ટીફિકેટ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અભ્યાસુઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. જે તે વિષયના નિષ્ણાત વિદ્વાનોને આમંત્રિત કરીને જૈન કલા, સ્થાપત્ય, સાહિત્ય, નવતત્વ, કાલચક્ર, લોકનું સ્વરુપ વગેરે અનેક વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિજ્ઞાસુઓના જૈન ધર્મને લગતાં પ્રશ્નોનું સમાધાન પણ વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યું હતુ. જૈનીઝમનો પ્રથમ કોર્ષ આપણો સમાજ એટલે કે શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ - SZVS અને જૈન એકેડમી એજ્યુકેશન રીસર્ચ સેન્ટર, મુંબઇના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ. જણાવતાં વિશેષ આનંદ થાય છે કે કોર્ષમાં જોડાયેલ અભ્યાસુઓ તથા અન્ય સભ્યોની માંગણીને ધ્યાનમાં લઈ 'જૈન ફિલોસોફી ઓનલાઈન કોર્ષ' ઉપરોક્ત બન્ને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ફરી શરૂ કરવા જઈ રહ્યા છીએ.

- **જૈન એકેડમી એજ્યુકેશન રીસર્ચ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ - મુંબઇ**
- **શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ - અમદાવાદ - SZVS**

ઉપરોક્ત બન્ને સંસ્થા સાથે મળી આ કોર્ષમાં સારાયે વિશ્વના જૈન બંધુઓને જોડવાનો પ્રયત્ન કરી શક્ય તેટલા વધુ સભ્ય પરિવારોનો બીપીનભાઇ તથા અન્ય વિદ્વાનો પાસેથી મળતા જ્ઞાનની સરવાણી પહોંચાડવાનો પ્રયત્ન કરશે.
ઉપરોક્ત કોર્ષ ઉપરાંત એક અન્ય કોર્ષનો પણ અમો આયોજન કરી રહ્યા છીએ 'તત્ત્વાર્થસૂત્ર-કોર્ષ'. જે અભ્યાસુઓએ જૈનિઝમ બેઝિક કોર્ષ અથવા તેને સમકક્ષ કોઈ કોર્ષ કરેલ હોય અને જૈનિઝમના સિદ્ધાંતોને વધુ ઊંડાણથી જાણવાની-સમજવાની ઈચ્છા હોય તેવા જિજ્ઞાસુઓ માટેનો આ કોર્ષ છે. જે આચાર્ય ઉમાસ્વાતીજીના તત્ત્વાર્થસૂત્ર ગ્રંથ ઉપર આધારિત છે. તત્ત્વાર્થસૂત્ર એટલે જૈન ધર્મના સિદ્ધાંતોને ઊંડાણથી જાણવા માટે સાગરમાં ડૂબકી મારવાનો પ્રયત્ન :
જૈન "તત્વદર્શન" આ શબ્દ જેટલો અઘરો લાગે છે એટલા જ સરળ અભ્યાસક્રમો ડીઝાઇન કરવામાં આવ્યા છે. આશા રાખીએ કે આ બંને અભ્યાસક્રમોનો જિજ્ઞાસુઓ- ભાવિકો વધુમાં વધુ લાભ લેશે.

| કોર્ષ - ૧ - જૈન ફિલોસોફી બેઝીક કોર્ષ<br>માર્ગદર્શન : ડો. બિપીનભાઇ દોશી | કોર્ષ - ૨ - તત્વાર્થ સૂત્ર<br>માર્ગદર્શન : ડો. બિપીનભાઇ દોશી<br>મેહુલીબેન કામદાર |
|---|---|
| : સંચાલન : | : સંચાલન : |
| શ્રી જાગૃતિબેન ઘીવાળા - શ્રી કુંદનબેન શાહ | શ્રી પ્રીતિબેન શાહ - શ્રી હિનાબેન શાહ |
| ફી રુ. ૨૦૦૦/- | ફી રુ. ૨૦૦૦/- |
| સમયગાળો - ૧ વર્ષ - (દર શુક્રવારે રાત્રે ૮ થી ૧૦) | સમયગાળો- ૧ વર્ષ - (દર સોમવારે રાત્રે ૮ થી ૧૦) |
| લાયકાત : ધો.૧૦મું પાસ | લાયકાત : જૈન ફિલોસોફી સમકક્ષ કોર્ષ કરેલ જરૂરી |

આ બંને કોર્ષ સંભવિત તા. ૨-૧૦-૨૦૨૧ થી શરુ કરવામાં આવશે.

: Course 1 & 2 Link : https://rzp.io/l/Si5FpXBi

**ખાસ નોંધ :** આ બધા અભ્યાસક્રમ Online Zoom App દ્વારા ચલાવવામાં આવશે જે અંગેની ફોર્મની તથા પેમેન્ટ કરવા માટેની લીંક ઉપર આપેલ છે તે મુજબ ફોર્મ ભરીને પેમેન્ટ જમા કરાવવાનું રહેશે.

ટેકનીકલ સંચાલન : શ્રી નિલય શાહ, શ્રી કિંતન ગાંધી

: ઉપરોક્ત બંને કોર્ષ માટે જરુરી માહીતી માટે સંપર્ક :
શ્રી નીરજભાઇ શાહ - (મો) ૯૪૨૬૫ ૪૩૪૮૯ - સમાજની ઓફિસ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫


પોતાની નમ્રતાનું અભિમાન કરવું
તેનાથી વધુ નિંદાજનક કાંઈ નથી.

## સમાજ દ્વારા બાળકો માટે શરૂ કરવામાં આવી રહેલ કોર્ષ 'Life with Jainisam'

છેલ્લાં દોઢ વર્ષથી કોરોના મહામારીના કારણે સારાયે વિશ્વની ગતિવિધિ જાણે અટકી ગઈ છે તેમાં બાળકોએ સહુથી વિશેષ સહન કરવાનું આવ્યું છે. જેમાં સ્કુલે જવાનું, ધાર્મિક જ્ઞાન મેળવવા પાઠશાળામાં જવાનું વિ.અટકી ગયું છે. તે બાબતને ધ્યાનમાં લઈ ઘરે બેઠાં બાળકો જ્ઞાન સાથે ગમ્મત દ્વારા ધાર્મિક જ્ઞાન ઉપરાંત તેઓના વિકાસ માટે જરૂરી બાબતોને આવરી લેતો કોર્ષ 'Life with Jainisam' Online આયોજન કરી રહ્યા છે જે સારાયે જૈન સમાજના બાળકો માટે ઉપલબ્ધ રહેશે. વધુ ને વધુ બાળકો રજીસ્ટ્રેશન કરાવી આ આયોજનનો લાભ લેશે તેવી આશા છે. જેની વિગત નીચે મુજબ છે.

### 'Life with Jainisam' કોર્ષ Online

: સંચાલન :

**શ્રી મહેશભાઈ સંઘવી - શ્રી નેહલબેન શાહ**

દર શનિવારે રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ સુધી

સમયગાળો : ૧ વર્ષ

- ફી રૂા. ૫૦૦/-
- વય મર્યાદા : ૭ થી ૧૩ વર્ષ

### : આ કોર્ષની ખાસ વિશેષતા :

જીવનમાં ધર્મ ખૂબ જરૂરી છે. બાળકો તેના પાયાના જ્ઞાન સાથે જીવનના વિકાસમાં જરૂરી છે તેવા પરિબળો જેવા કે આત્મવિશ્વાસ, જિંદગીની રેસમાં કેમ ટકી રહેવું, અડગતા, રમતગમતનું મહત્વ વિ.અનેક પાસાને જીવનમાં આત્મસાત કરી શકે તેવા કોર્ષની ડીઝાઈન તૈયાર કરવાનો અમારો પ્રયત્ન છે.


- આ કોર્ષ સંભવિત તા.૨-૧૦-૨૦૨૧થી શરૂ કરવામાં આવશે. (ફેરફારને આધિન)
- અત્યારે ફક્ત એડમીશન ફોર્મ જ ભરવાનું છે. ફી ભરવાની નથી.
- એડમીશન ફોર્મ ભરવા અંગેની લીંક નીચે મુજબ છે.

Link : https://forms.gle/efkAEuzLoFd2zKA29

ટેકનીકલ સંચાલન : શ્રી નિલય શાહ, શ્રી કિંતન ગાંધી

: ઉપરોક્ત કોર્ષ માટે જરૂરી માહીતી માટે સંપર્ક :
શ્રી નીરજભાઇ શાહ - (મો) ૯૪૨૬૫ ૪૩૪૮૯
સમાજની ઓફિસ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫

## BIO-DATA



**JUHI RAMESHBHAI GOSALIYA**

Date of Birth : 08-03-1989

Birth Time : 06:10 P.M.,

Height : 5' 4"

Weight : 45 Kg

Place of Birth : Surendranagar

Manglik : No

Native Place : Wadhwan, Surendranagar

Caste : Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain

Qualification : M.Sc., M.L.T., L.L.B.

Extra Activities : Bharat Natyam Dance (Arangetram) E-Commerce, COPA

Hobbies : Music, Movies, Classical Dancing

**FAMILY DETAILS :**

Father : Rameshbhai Manilal Gosaliya

Business : Manufacture of Ceramic Sanitaryware

Factory Address : Suman Ceramic (Manufacture Exporter) Vagadiya Road, Thangadh, Gujarat

Contact Details : (M) 9428812557, 7990255705, (R) 02752 220260

Mother : Chhayaben R. Gosaliya

Resident Address : 14, Vasupujya Society, Near Jakatnaka, Surendranagar


Sister : Kinjal R. Gosaliya

Brother : Shrey R. Gosaliya (B.E. in Electronics & Communications)

Mosal : Bharatbhai Shantilal Sheth

Address : 10, Manjushre Society, Ghatlodiya, Ahmedabad, Gujarat

# BIO-DATA



## Darshan Kamleshkumar Doshi

### PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| **Date of Birth** | : | **03-12-1996** |
| **Birth Place** | : | Surendranagar |
| **Height / Weight** | : | 5'3" / 68 Kg |
| **Religion** | : | Visha Shrimali Sthanalwasi Jain |
| **Education** | : | **B.E. Civil Engineering (2018)**<br>L.J. Institute of Technology, Ahmedabad<br>**M.Tech (Transportation Engineering) (2021)**<br>Pandit Deendayal Petroleum University **(PDPU)** |
| **Professional** | : | **Translink Infrastructure Consultants (P) Ltd.** (H.O. Ahmedabad) |
| **Hobbies** | : | Reading, Music |
| **Resi. Address** | : | **A-502, Ratnakar Halcyon, Prernatirth Derasar Road, Satellite, Anandnagar, Ahmedabad - 380015** |
| **Contact No** | : | **9825152604** |
| **E-Mail** | : | **doshidarshan.009@gmail.com** |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| **Grand Father** | : | Manharlal Bhudardas Doshi |
| **Grand Mother** | : | Late Madhukantaben Manharlal Doshi |
| **Father** | : | Kamleshkumar Manharlal Doshi **M: 9825152604** |
| **Resi. Address** | : | **"Roop Kamal"** 18, Sardar Society, Surendranagar - 363001 |
| **Business** | : | **Upkar Show Room**<br>Jawahar Road, Surendranagar - 363001 |
| **Mother** | : | Sadhanaben Kamleshkumar Doshi (Housewife) |
| **Elder Brother** | : | Samyak Kamleshkumar Doshi **(Inter CA & Inter CS)** Mo. 9429512451<br>Businessman (Ahmedabad) |
| **Occupation** | : | **Upkar Selection (Roop-Kamal) (Samyak Kamleshkumar Doshi)**<br>B-45, Ground Floor, Sumel Business Park-3<br>(Safal-3) opp. New Cloth Market, Raipur, Ahmedabad. |
| **Sister In Law** | : | Yavi Samyak Doshi **(CA)** (Ahmedabad) |
| **Elder Sister** | : | Drashti Kunal Talsaniya (Married) (Ahmedabad) |
| **Brother In Law** | : | Kunal Umeshbhai Talsaniya M: 9920993224 |
| **Uncle** | : | Rupeshkimar Manharlal Doshi M: 9426802030 |
| **Fuva** | : | Arzukumar Jayantilal Shah M: 9426313907 (Ahmedabad) |

### MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| **Grand Father** | : | Late Mugatlal Kuverjibhai Doshi (Kharwawala) |
| **Mama** | : | Suhasbhai Mugatlal Doshi (Mumbai) |

ઉપકાર
શો-રૂમ



જેની કીર્તિ નષ્ટ થઈ જાય છે તેનું
જીવન જ નષ્ટ થઈ જાય છે.

# HETVI ATULBHAI VASANI




## PERSONAL DETAILS

| | |
|---|---|
| **DATE OF BIRTH** | : 25th July 1998 |
| **TIME OF BIRTH** | : 09:13 a.m. |
| **PLACE OF BIRTH** | : Botad |
| **HEIGHT** | : 5' 4" |
| **WEIGHT** | : 58 KG |
| **CASTE** | : Visa Shrimali Sthanakwasi Jain |
| **NATIVE PLACE** | : Botad |
| **EDUCATION** | : Schooling - Saint Xavier's, Botad<br>B.B.A. (GLS College, Ahmedabad)<br>PGDBA (Pursuing) (Symbiosis University) |
| **OCCUPATION** | : Artist (Painting & Sketching) |
| **RESI. ADDRESS** | : 17, Giriraj Society, Nr. Giriraj Derasar,<br>Paliyad Road, Botad. |
| **E-MAIL ID** | : hetvivasani@gmail.com |



## FAMILY DETAILS

| | |
|---|---|
| **GRAND PARENTS** | : Lt. Mahasukhlal Ratilal Vasani<br>Nilamben Mahasukhlal Vasani |
| **PARENTS** | : Atulbhai Mahasukhlal Vasani<br>(M) 9879551141<br>Parulben Atulbhai Vasani (Housewife)<br>(M) 9429554405 |
| **BROTHER** | : Vandit Atulbhai Vasani (Unmarried) |
| **BUSINESS** | : Timber Merchant<br>Parshwanath Timber, Lati Bazar, Botad. |
| **MATERNAL** | : Hasmukhbhai Himatlal Salot (Botad) |


# VANDIT ATULBHAI VASANI



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| DATE OF BIRTH | : | 17th May 1996 |
| TIME OF BIRTH | : | 03:12 p.m. |
| PLACE OF BIRTH | : | Jetpur |
| HEIGHT | : | 5' 7" |
| WEIGHT | : | 73 KGS |
| CASTE | : | Visa Shrimali Sthanakwasi Jain |
| NATIVE PLACE | : | Botad |
| EDUCATION | : | Schooling - Saint Xavier's, Botad<br>B.B.A. (GLS College, Ahmedabad)<br>Event Management (NAEMD) |
| OCCUPATION | : | Family Business and Parshvnath Decor<br>(Manufacturing of Doors) |
| RESI. ADDRESS | : | 17, Giriraj Society, Nr. Giriraj Derasar,<br>Paliyad Road, Botad. |
| E-MAIL ID | : | vanditvasani@gmail.com |

## FAMILY DETAILS



| | | |
|---|---|---|
| GRAND PARENTS | : | Lt. Mahasukhlal Ratilal Vasani<br>Nilamben Mahasukhlal Vasani |
| PARENTS | : | Atulbhai Mahasukhlal Vasani<br>(M) 9879551141<br>Parulben Atulbhai Vasani (Housewife)<br>(M) 9429554405 |
| SISTER | : | Hetvi Atulbhai Vasani (Younger) |
| BUSINESS | : | Timber Merchant<br>Parshwanath Timber, Lati Bazar, Botad. |
| MATERNAL | : | Hasmukhbhai Himatlal Salot (Botad) |



પ્રતિષ્ઠા મેળવવાં વર્ષો મહેનત કરવી પડે છે જ્યારે
કલંક એક ક્ષણમાં જ લાગી જાય છે.

# જૈનીઝમ સર્ટિફિકેટ વિતરણ સમારોહની ઝલક
















પોતાનું કામ નિષ્ઠાપૂર્વક પ્રીતિથી કરવું
એ પણ પ્રભુની પ્રાર્થના જ છે.

# જૈનીઝમ સર્ટિફિકેટ વિતરણ સમારોહની ઝલક
















વ્યક્તિના શ્રેષ્ઠ ગુણોને વિકસાવવાનું કામ કરતી
વિદ્યા એટલી ભક્તિ.

# DHYEY PARESHBHAI KOTHARI



**PERSONAL DETAILS**

DATE OF BIRTH : 4th December 1994
TIME OF BIRTH : 12 p.m.
PLACE OF BIRTH : Surendranagar
HEIGHT : 5' 5"
WEIGHT : 62 KG
CASTE : Visa Shrimali Sthanakwasi Jain
HOBBY : Reading Books, Painting & Cricket
QUALIFICATION : Chartered Accountant (November 2019)
B.Com. (2015)
OCCUPATION : Senior Accounts Executive at
Berger Paints Emirates LTD; Dubai
(100% Subsidiary of Asian Paints Ltd. - India)
ADDRESS : 1403, Al Kubra Building, Al Nahda, Sharjah, UAE
MOBILE NO. : +971 5453 38965
E-MAIL ID : dhyey.kothari1994@gmail.com

**FAMILY DETAILS**

GRAND FATHER : Lt. Dolatchand Amratlal Kothari
GRAND MOTHER : Lt. Hansaben Dolatchand Kothari
FATHER : Pareshbhai Dolatchand Kothari (M) 8141885095
FATHER'S BUSINESS : Dolatchand Amratlal & Co. (Business of electrical goods)
Laxminarayan Chowk, Halvad (M) 9429280679
MOTHER : Alkaben Pareshbhai Kothari
RESIDENCE : 35/203, Anandnagar Society, Satellite,
Ahmedabad & Voravad, Halvad
YOUNGER BROTHER : Param Pareshbhai Kothari (Persuing Final CA)
PATERNAL UNCLE & AUNTIES :
1. Pritiben Dharmeshkumar Pranlal Shah,
Navrangpura, Ahmedabad.
(M) 9033378977, 9327010484
2. Manishaben Mukeshkumar Vinaychand Shah (Dubai)
(M) +971 5045 75022, +971 5085 91261
3. Anitaben Bharatkumar Rasiklal Shah, Ghatkopar, Mumbai
(M) 9892228042, 9820099050
MATERNAL GRAND PARENTS : Lt. Jayantilal Virchandbhai Shah (Paliyad)
Shantaben Jayantilal Shah
MOSAL : 1. Narendrabhai Jayantilal Shah
Krishnanagar, Ahmedabad (M) 9879153176
2. Jayeshbhai Jayantilal Shah
Taken Diksha in Botad Sampradaya (Jayeshmuni Maharaj Saheb)
3. Nileshbhai Jayantilal Shah
Naranpura, Ahmedabad (M) 9825587264

# ભાવભરી શ્રદ્ધાંજલિ

'તમારો જન્મ અમને હસાવી ગયો, તમારું જીવન અમને જીવાડી ગયું
પણ તમારું મૃત્યુ અમને જગાડી ગયું.'

## દસમી વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. ત્રિલોકચંદ્ર રતિલાલ સખીદાસ**
જન્મ તા. ૨૩-૯-૧૯૩૪ સ્વર્ગવાસ તા. ૦૪-૦૯-૨૦૧૧

## ત્રિમાસિક પુણ્યતિથિ



**સ્વ. હીરાબેન ત્રિલોકચંદ્ર સખીદાસ**
જન્મ તા. ૨-૪-૧૯૩૩ સ્વર્ગવાસ તા. ૧૧-૦૫-૨૦૨૧

**આપની પુણ્યતિથિએ અમે સૌ આપને અંતઃકરણથી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.**
**પ્રભુ આપ બંનેના પવિત્ર અને પુણ્યશાળી આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.**

## શ્રદ્ધાસુમન અર્પનાર

અશોક (પુત્ર)
કલ્પના (પુત્રવધુ)
કૃણાલ (પૌત્ર)
શ્વેતા (પૌત્રવધુ)
નૈશા (પપૌત્રી)
અનિષા (પપૌત્રી)
ભૂમિત (પૌત્ર)
શીતલ (પૌત્રવધૂ)
ટીશા (પપૌત્રી)

યોગેશ (પુત્ર)
દીપાલી (પુત્રવધુ)
કિન્નરી (પૌત્રી)
રિયા (પૌત્રી)

વર્ષા (દીકરી)
અનિલકુમાર શેઠ (દીકરી જમાઈ)
શાલિની (દોહીત્રી)
જીગરકુમાર (દોહીત્રી જમાઈ)
આરવ (પ્ર. દોહીત્ર)
મિત્તલ (દોહીત્રી)
શ્રેણિકકુમાર (દોહીત્રી જમાઈ)
વ્યોમ (પ્ર. દોહીત્ર)
ઝરણા (દોહીત્રી)
નિહારકુમાર (દોહીત્રી જમાઈ)
રિષિકા (પ્ર. દોહીત્રી)

પારૂલ (દીકરી)
કેતનકુમાર સંઘવી (દીકરી જમાઈ)
ભૂષણ (દોહીત્ર)
જીનાલી (દોહીત્રી)
રોશનકુમાર (દોહિત્રી જમાઈ)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૧૦-૦૨-૧૯૪૨





: અરિહંતશરણ :
તા. ૧૧-૦૯-૨૦૨૦

## પ્રભુભક્ત તથા કુટુંબવાત્સલ્ય પ્રેમી
## શ્રી નરેન્દ્રકુમાર કેશવલાલ શાહ

જીવન જીવ્યા એવું કે ભૂલ્યું ભુલાય નહિ, વિદાય લીધી એવી કે વિસરાય નહિ,
સુખમાં કર્યા સૌને વ્હાલા, દુઃખમાં જણાવ્યું નહિ,
વ્યવહારમાં કદી ચુક્યા નહિ, ધર્મ કદી ભૂલ્યા નહિ. તમારા મધૂર સ્મરણો અંકિત છે મારા હૃદયમાં.
તમારા કર્મોની સુવાસ જીવંત છે મારા શ્વાસમાં સદેહ તમે નથી એ સચ્ચાઈ છે,
પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો,એ કહીકત છે. આ જન્મના ઋણાનુબંધ તૂટ્યા,
એ સમજાયું મને સદાય રહીશ ઋણી તમારી, આપના આશિષ મારી શક્તિ છે.

**આપની ઋણાનુબંધી હંસા નરેન્દ્રકુમાર શાહ**

થાક ઘણો હતો ચહેરા પર પણ, અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે,
આંખમાં ઊંઘ હતી છતાં પણ, ચિંતામાં જાગતા જોયા છે,
કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ અડધી રાતે ખુલી આંખે, અમારા ભવિષ્યનાં સપના સજાવતા જોયા છે,
વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી, પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે.

**અંકિતા વિપુલ શાહ (દિકરી) અમદાવાદ** **હિરલ સંજય શાહ (દિકરી) USA**

જીવનની મળેલી બધી નાની મોટી ભેટમાં તમે 'નાના' મળ્યા એ સૌથી વિશેષ ભેટ છે,
તમારું જીવન અમારી પ્રેરણા છે, તમારી યાદો અમારો ખજાનો છે,
રડી પડે છે આંખો જોઈ તસ્વીર તમારી, હૃદય કંપે છે, યાદ કરી મીઠી વાતો તમારી,
દૂર થઈ ગયા તમે અમારાથી, પણ તમારો પ્રેમ અને આશીર્વાદ બનશે હિંમત અમારી.

**દોહિત્ર : મિત વિપુલ શાહ** **દોહિત્રી : ક્રિષા વિપુલ શાહ**
**સંયમ સંજય શાહ (USA)**
**સત્યમ સંજય શાહ (USA)**

વડલાની જેમ તાપ સહન કરી, પરિવારને છાંયડો આપતા તમને જોયા છે,
કુટુંબ માટેનો તમારો અથાગ પ્રેમ આપને હજી પણ જીવંત રાખે છે.
નાના-મોટા, સગા સ્નેહીઓ, મિત્રોને તમારી ખોટ સાલે છે. પ્રસંગો એ તમારી ગેરહાજરી સહુને ખૂંચે છે,
રાજા જેવું જીવન જીવ્યા, દાન-પુણ્ય ઘણા કર્યા, કુટુંબમાં નાનાભાઈ અને નાના બાપુજી તરીકે આપ સદાય છવાયેલા રહેશો.

**લી. કેશવલાલ જીવરાજ શાહ પરિવાર (અમદાવાદ)**
**સાસરીપક્ષ : મંગળજી જીવરાજ સંઘવી પરિવાર (ધ્રાંગધ્રા)**



મનનું માન્યું તો મર્યા,
મનને માર્યું તો જીત્યા.

We are ICMR & Govt. of Gujarat approved Laboratory for Covid-19 Test

